ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વિસ્ફોટ : ગાંધીનગરમાં કોરોના વિકરાળ બન્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ આજે વિકરાળ રૂપ ધારણ કર્યુ છે. શહેરમાં સાત મહિના પછી એક સાથે ૧૨ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ મળી ૧૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. તંત્રએ આડકતરો એકરાર કર્યો છે કે થર્ડ વેવની દસ્તક થઈ ચુકી છે.

જે રીતે કેસો વધી રહ્યા છે અને લોકો હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે તેથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે થાય તે માટે તંત્ર હવે તે માટેની વ્યુહરચના તૈયાર કરી દીધી છે.

કેસોમાં થઈ રહેલી વૃદ્ધિને પગલે ફરજીયાત માસ્કના નિયમનો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનો તેમજ સરકારી કચેરીઓમાં પણ વેક્સિનેશન ન કરાવ્યુ હોય તો પ્રવેશ નહિ આપવાના કડક નિયમો લાગુ કરવા તરફ આગળ વધી રહેલ છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી દેવામાં આવ્યા છે.

શહેરમાં ખાનગી હોસ્પિટલના તબીબો અને સંચાલકો સાથે આજે મનપાએ ખાસ બેઠક પણ યોજી હતી. જિલ્લાના તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા અને સતર્ક રહેવા તાકીદ કરી દેવામાં આવી છે.

સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં માણસા ખાતેની ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલમાં પણ આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગની વ્યવસ્થા ટુંક જ સમયમાં ચાલુ કરી દેવામાં આવશે આ માટેની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

બીજી તરફ તંત્રએ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઉભી કરાયેલી વ્યવસ્થાઓની ચકાસણી શરૂ કરી દીધી છે. આ વખતે હોસ્પિટલાઈઝેશન ઓછુ છે જે હાલ તંત્ર માટે થોડુક રાહતરૂપ છે.

## શહેરમાં સાત મહિના બાદ એક સાથે ૧૨ કેસ

**આઈઆઈટી, ભાટ, કુડાસણ, સે. ૨૨, ૨, રાંદેસણ તેમજ સે. ૮ માં કેસ નોંધાયા : એક્ટીવ કેસની સંખ્યા ૨૫ થઈ : કુલ કેસ ૫૩ થયા**

ગાંધીનગર, તા. ૩૦

સાત મહિના બાદ ગાંધીનગર શહેરમાં એક સાથે કોરોનાના ૧૨ કેસ નોંધાતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. શહેરમાં આજે નોંધાયેલા ૧૨ કેસ સાથે કોરોનાના કુલ કેસોની સંખ્યા ૫૩ થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૨ કેસને પગલે તંત્રએ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન માટેની સૂચનાઓ જારી કરી દીધી છે.

મનપાના આરોગ્યતંત્રએ આજે વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી અને ખાનગી હોસ્પિટલોના સંચાલકો અને તબીબો સાથે પણ સાંજે બેઠક કરી હતી એટલુ જ નહિ હવે ટેસ્ટીંગ વધારવા પર આ બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો.

મનપા વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૨ કેસમાં ૪ કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે જેને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યુ છે. નવેમ્બર પછી શરૂ થયેલા સંક્રમણમાં મહિલા દર્દીઓ વધુ નોંધાઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં ત્રણ વૃદ્ધ દર્દીઓ પણ છે તેમજ નવ યુવા દર્દીઓ છે. શહેરમાં નોંધાઈ રહેલા કેસોમાં ટ્રાવેલ હિસ્ટ્રી વધુ નોંધાઈ રહી છે. આજે નોંધાયેલા કેસોમાં દર્દીઓએ વેક્સિન લીધુ હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં આઈઆઈટીની એક ૨૮ વર્ષીય વિદ્યાર્થીની, ભાટની ૨૨ વર્ષીય યુવતી, સે. ૨૨ના ૭૪ વર્ષીય વૃદ્ધ, સે. ૨ માં એક ૧૯ વર્ષીય અને ૨૫ વર્ષીય યુવતી, રાંદેસણની ૩૨ વર્ષીય મહિલા, કુડાસણમાં ૩૦ વર્ષીય યુવાન અને ૬૨ વર્ષીય વૃદ્ધ, તેમજ સે. ૮ માં ૩ મહિલા અને એક પુરૂષ મળી ૪ કેસ નોંધાયા છે.

સે. ૮ માં નોંધાયેલા ૪ કેસના દર્દીઓ તાજેતરમાં જ ઉત્તરપ્રદેશથી આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં કોરોનાના કેસોની વધેલી ગતિ પછી હવે હરકતમાં આવેલા તંત્રએ ૧૩ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ જાહેર કરી દીધા છે. વધતા જતા કેસો એ ત્રીજી લ્હેર આવી પહોંચી હોવાના સંકેત આપી રહી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

શહેરમાં હાલ આજે નોંધાયેલા ૧૨ કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૨૫ થઈ છે. શહેરમાં હવે વિવિધ સ્થળોએ ટેસ્ટીંગ બુથ ઉભા કરવાની વાત પણ તંત્રએ વિચારણામાં લીધી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં હાલ ૨૫ જેટલા એક્ટીવ કેસમાંથી મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્યમાં વધુ ૩ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૧ અને કલોલમાં વધુ ૨ કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ એક્ટીવ કેસ : ૪૫૦ લોકોને ક્વોરોન્ટાઈન કરાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગરમાં ૧ અને કલોલમાં ૨ કેસ નોંધાયા છે.

બીજી લ્હેર વેળાએ સંવેદનશીલ બનેલા ગાંધીનગર અને કલોલમાંથી જે ગતિએ કેસો મળવાના શરૂ થયા છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં નોંધાયેલા ૩ દર્દીઓએ વેક્સિનના ડોઝ લઈ લીધા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ આર્મી કેમ્પમાં આજે ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આર્મી કેમ્પમાં ગઈકાલે પણ એક કેસ નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે.

કલોલ તાલુકાના ધાનજ ગામે આજે એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી તેના ધંધાના કામ અર્થે તાજેતરમાં પંજાબ જઈ પરત ફર્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ખાનગી નોકરી કરતી એક ૨૯ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા આ ૩ કેસ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૨ થઈ છે. તંત્રએ ૪૫૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

● અનુસંધાન પાન-૭ પર





આજકાલ આખુ ગાંધીનગર શહેર વાયબ્રન્ટ બની ગયુ છે. જાન્યુઆરી માસમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટની તૈયારીઓ જોરદાર ચાલી રહી છે. રોકાણકારો માટે ગુજરાત હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ અને સીંગલ વિન્ડો સિસ્ટમ જેવી નીતિઓના કારણે રોકાણકારો ગુજરાતમાં હંમેશા પોતાનો બીઝનેસ સ્થાપવા તત્પર રહે છે. વાયબ્રન્ટ સમિટ રોકાણકારોને એક ઓપન પ્લેટફોર્મ આપે છે. વાયબ્રન્ટ સમિટ હવે નજીક હોઈ ગાંધીનગર શહેરમાં તેની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. મહાત્મા મંદિરને તો જોરદાર તૈયાર કરવામાં આવી જ રહ્યુ છે પરંતુ શહેરને પણ સુંદર રીતે સજાવવામાં આવી રહ્યું છે.

## અડાલજ પાસે વન વે થતા દિવસ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના મુખ્યમાર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વિવિધ કામગીરીને અનુલક્ષીને ઠેર ઠેર ડાયવર્ઝન પણ આપવામાં આવતા ટ્રાફિકની સમસ્યા વધુ પેચીદી બની છે. ચિલોડા સરખેજ માર્ગની કામગીરીને અનુલક્ષીને પણ એસ જી હાઈવે પર કેટલાક જંકશન પર ટ્રાફિકની અવરજવર શિરદર્દ સમાન બની છે. જયારે આજે અડાલજ પાસે પણ માર્ગ વન વે કરી દેવાતા સતત ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા વાહનચાલકો પણ તોબા પોકારી ગયા હતા.

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી ટ્રાફિક સિનારીયો બદલાયો છે. શહેરના વિવિધ માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. એકબાજુ સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર પર વિવિધ એક્સ્પોના લીધે મુલાકાતીઓની અવરજવર સતત રહેતી હોવાના લીધે નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જયારે વાઈબ્રન્ટની તડામાર તૈયારીના લીધે પણ માર્ગો પર વિવિધ કામગીરી ચાલી રહી છે. જેના લીધે ઠેર ઠેર ડાયવર્ઝન પણ ટ્રાફિકની સમસ્યા માટે જવાબદાર છે. નગરના મુખ્યમાર્ગો પર વાઈબ્રન્ટલક્ષી તૈયારીઓનો ધમધમાટ છે. જયારે એકબાજુ ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને પણ ઓવરબ્રિજની કામગીરી પણ ચાલી રહી છે. જેના લીધે એસ જી હાઈવે પર ઠેર ઠેર ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. આ સ્થિતિ વચ્ચે શહેરની સાથે ગાંધીનગર અમદાવાદને જોડતા માર્ગ પર પણ ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. એકબાજુ માર્ગ સુધારણા,વાઈડનીંગ અને સુશોભનના કામો હાથ ધરવામાં આવ્યા છે. વાઈબ્રન્ટને અનુલક્ષી વી વી આઈ પી મહાનુહભાવો નગરની મુલાકાતે

● અનુસંધાન પાન-૭ પર

## વેક્સિન સર્ટિફિકેટ વિના સ્વર્ણિમ સંકુલ અને સચિવાલયમાં મુલાકાતીને પ્રવેશ નહીં મળે

**વાયબ્રન્ટ સમિટમાં આવતા મહેમાનોનો આરટીપીસીઆર થશે પરંતુ આઇસોલેશન થવું નહીં પડે – આરોગ્ય મંત્રી કહે છે કે વાયબ્રન્ટ સમિટ રોકાણ અને રોજગારી માટે જરૂરી છે**

ગાંધીનગર

ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે કોરોના અને ઓમિક્રોનના વધતા જતા કેસો વચ્ચે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ અને સચિવાલયના વિભાગો સાથે રાજયભરની તમામ સરકારી કચેરીઓમાં જે મુલાકાતીઓએ વેક્સિનના બે ડોઝ લીધા હશે તેમને પ્રવેશ આપવામાં આવશે, અન્યથા તેમને પ્રવેશ કરવા દેવામાં આવશે નહીં.

કોરોના અને ઓમિક્રોનના કેસો વધી રહ્યાં છે પરંતુ રસીકરણ હોવાથી તે કેસો ગંભીર બનતા નથી તેવો દાવો કરી તેમણે કહ્યું કે રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરની સરકારે તૈયારી કરી દીધી છે. હવે તો ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને પણ ત્રીજી જાન્યુઆરીથી વેક્સિનના ડોઝ આપવાની શરૂઆત થઈ રહી છે જ્યારે ૬૦ વર્ષની ઉપરના નાગરિકો તેમજ આરોગ્ય વર્કરોને કોરોના વિરોધી રસીનો બુસ્ટર ડોઝ આપવામાં આવનાર છે.

આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે વાયબન્ર સમિટ મૂડીરોકાણ અને રોજગારી માટે જરૂરી છે તેથી ગુજરાત સરકાર યોજી રહી છે. આ સમિટમાં દેશ વિદેશમાં આવતા મહેમાનો માટેની સુરક્ષા વ્યવસ્થા અમે કરી છે. મહાત્મા મંદિર અને એક્ઝિબિશન સેન્ટરમાં પ્રવેશ આપતાં પહેલાં તમામ મહેમાનોનો આરટીપીસીઆર ટેસ્ટ કરાશે પરંતુ તેમને સાત દિવસના આઈસોલેશનમાં રાખવામાં ન આવે તે માટે કેન્દ્ર સરકારનું માર્ગદર્શન અને કોરોનાની ગાઈડલાઈનમાં ફેરફારની મંજૂરી માગવામાં આવી છે.

સમિટ દરમ્યાન મહાત્મા મંદિરમાં ફરજ પર રહેનારા તમામ અધિકારી તેમજ કર્મચારીઓના આરટીપીસીઆર ટેસ્ટ થાય તે માટે ૮ અને ૯ જાન્યુઆરીએ ટેસ્ટીંગ સેન્ટરો ખોલવામાં આવશે. આ જગ્યાએ મહેમાનોના ટેસ્ટ પણ કરાશે. જેમની પાસે ૨૪ કલાક પહેલાનો રિપોર્ટ હશે તેમને ફરીથી ટેસ્ટ કરાવવો નહીં પડે. સમિટ અને એક્ઝિબિશનના સ્થળે સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તે માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે કોરોનાના કેસો વધતા ૩૧મી ડિસેમ્બરે પૂર્ણ થતી કોરોના ગાઈડલાઈનને ૭મી જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. રાજ્યમાં હાલ ૧૧૦૦૦૦ બેડની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે એ ઉપરાંત શહેરો અને જિલ્લાઓમાં ૫૦૦ થી ૧૫૦૦ બેડની હોસ્પિટલો શરૂ કરવાનું પણ કહેવામાં આવ્યું છે. રાજ્યમાં ૯૦ લાખ લોકો કે જેમણે હજી સુધી વેક્સિન લીધી નથી તેમને વેક્સિન આપવા માટે સરકારે અભિયાન શરૂ કર્યું છે.

## ગાંધીનગર ખાતે નવી શિક્ષણ નિતી સંદર્ભે ઓપન હાઉસ યોજાયુ

**ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન અને નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ વિશે ઓપન હાઉસ ચર્ચા યોજાઈ**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુરૂ-શિષ્યના સંબંધને મહત્વપૂર્ણ ગણાવી



જણાવ્યું હતું કે પ્રાચીન ભારતીય શિક્ષા પદ્ધતિમાં ઋષિમુનિઓના જ્ઞાન અને અનુભવ-ઉપદેશથી શિષ્યનું શ્રેષ્ઠ ઘડતર થતું હતું. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન અને નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર એજ્યુકેશનનાં સંયુક્ત ઉપક્રમે નવી શિક્ષા નીતિ-૨૦૨૦ ઉપર યોજાયેલી ઓપન હાઉસ ચર્ચાનું રાજ્યપાલશ્રીએ ઉદ્ઘાટન કરી માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશની ભાવિ પેઢીના નિર્માણના ચિંતન સાથે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ની ઘોષણા કરી છે. તેમણે જણાવ્યુ હતુ કે વર્ગખંડમાં આપવામાં આવતું શિક્ષણ જ દેશની ભાવિ પેઢીના નિર્માણની દિશા નક્કી કરે છે. પ્રાચીન ભારતીય ગુરૂકુળ શિક્ષા પદ્ધતિને શ્રેષ્ઠ શિક્ષા પદ્ધતિ ગણાવતા રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું કે અંગ્રેજોએ ભારતમાં પોતાનું શાસન મજબૂત કરવા પ્રાચીન શિક્ષા પદ્ધતિને ઘરમૂળથી પરિવર્તિત કરી નાખી. તેમણે જણાવ્યુ હતુ કે ઉત્તમ ચરિત્ર, સમર્પિત જીવન અને સાંસ્કૃતિક જીવન મૂલ્યો સાથે શ્રેષ્ઠ બાળકનું નિર્માણ કરવું હશે, તો પ્રાચીન ભારતના શિક્ષણ-ચિંતન તરફ પાછું વળવું પડશે. નવી શિક્ષા નીતિમાં આ ચિંતન પ્રતિબિમ્બિત થાય છે.

## જિલ્લાની પાંચ ગ્રામ પંચાયતોમાં આજે ઈ-ખાતમુહૂર્ત વિધિ થશે

**અડાલજ ખાતે સમરસ પંચાયતોના સરપંચો સન્માનિત કરાશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે આજે જિલ્લાની પાંચ ગ્રામ પંચાયતોના નવા પંચાયત ઘર માટે ઈ-ખાતમુહૂર્ત તથા જિલ્લાની સમરસ બનેલ ૨૨ ગ્રામ પંચાયતોના સરપંચોનું સન્માન કરવામાં આવશે.

રાજ્યસભાના સાંસદ નરહરિ અમીન તથા લોકસભાના સાંસદ હસમુખભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં લોકાર્પણ તેમજ વિવિધ યોજનાઓની જાણકારી પણ આપવામાં આવશે.

જિલ્લામાં ૧૭૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ તાજેતરમાં યોજાઈ હતી. જે પૈકી ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. જેમાં માણસાની ૧૧, કલોલની ૯ અને ગાંધીનગર તાલુકાની ૨ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં પાંચ ગ્રામ પંચાયતોના મકાન જુના અને જર્જરિત થયા હોવાથી તે નવા બનાવવામાં આવશે. જેમાં દહેગામ તાલુકાની ડેમાલિયા પલુનિયા ગાંધીનગરની કાકાના તારાપુર, કલોલની પિયજ અને માણસા તાલુકાના આટા આંબા ગામે નવા પંચાયત ઘર બનાવવા માટે ઈ-ખાત વિધિ કરવામાં આવશે.

પંચાયત વિભાગ દ્વારા આ કાર્યક્રમને લઈ લગભગ તમામ તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. સમરસ થયેલ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પણ આ સમારોહમાં આપવામાં આવશે.

સમરસ થયેલી ગ્રામ પંચાયતોમાં બે મહિલા ગ્રામ પંચાયતોનો પણ સમાવેશ થાય છે. ૨૦૧૬માં સમરસ થયેલી ગ્રામ પંચાયતોની તુલનામાં આ વખતે વધુ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે.

## મુસાફર પાસ યોજના અન્વયે ગત વર્ષની સાપેક્ષમાં ૭૭ લાખ આવક વધી

**ગાંધીનગર ડેપોએ ગત વર્ષે કોરોના કાળમાં લોકડાઉનના સંજોગોમાં આર્થિક નુકશાનીનો સામનો કર્યા બાદ હવે એસ ટી ના પૈડા ટ્રેક પર દોડતા થયા છે**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર એસ ટી ડેપોએ છેલ્લા બે વર્ષમાં કોરોના કહેર વચ્ચે આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો હતો જયારે છેલ્લા છ મહીનાથી એસ ટી બસના પૈડા ટ્રેક પર પુરપાટ દોડતા થતા ગાંધીનગર ડેપોની આવકમાં પણ વધારો થયો છે. ગત વર્ષની સાપેક્ષમાં ડેપોએ મુસાફર પાસ યોજના અન્વયે રૂ ૭૭ લાખની વધુ આવક મેળવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોએ ગત વર્ષની સાપેક્ષમાં મુસાફર પાસની યોજના અન્વયે રૂ ૭૭.૯૧ લાખની વધુ આવક કરી છે. ગત વર્ષે કોરોનાના સંક્રમણ વચ્ચે લોકડાઉનના લીધે એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. જયારે લોકડાઉનની સ્થિતિ વચ્ચે એસ ટી ની સલામત સવારીનો ઉપયોગ કરવાનુ આમ નાગરિકો ટાળતા હોવાથી એસ ટી બસમાં ટ્રાફિકના અભાવે બસો ખાલીખમ જોવા મળતી હતી જયારે સોશિયલ ડીસ્ટન્સીંગના અમલની સાથે મુસાફરોની સંખ્યા પણ ઓછી કરી દેવામાં આવી હતી. બસ દીઠ ૭૦ ટકા મુસાફરોની સાથે એસ ટી બસના પૈડા ટ્રેક પર દોડતા થયા હતા જેના લીધે એસ ટી બસે પણ આવક ગુમાવી આર્થિક નુકશાની કરવાનો વારો આવ્યો હતો. જયારે ધીમે ધીમે બીજી લહેરના અંતે કોરોનાનુ સંક્રમણ ઘટતા એસ ટી બસના પૈડા ટ્રેક પર દોડતા થયા હતા. જેના અંતે એસ ટી બસમાં વિવિધ રૂટમાં ટ્રાફિક વધ્યો હતો. એસ ટી નિગમની મુસાફર પાસ યોજનાને પણ સારો પ્રતિસાદ મળવાનુ શરૂ થયુ હતુ. એસ ટી ની મુસાફર પાસ યોજના અન્વયે મુસાફરને ૧૫ દિવસના પૈસા વસુલી એક મહીનાની મુસાફરી માટે પાસ ફાળવવામાં આવે છે. ગાંધીનગર ડેપોને વર્ષ ૨૦૨૦ દરમિયાન મુસાફર પાસ યોજના અન્વયે રૂ ૧ કરોડની આવક થઈ હતી. જેની સામે વર્ષ ૨૦૨૧ માં એસ ટી નિગમે ૧.૭૮ કરોડની આવક કરી છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૭૭ લાખ જેટલો વધી છે. જેના લીધે એસ ટી ને કોરાના કાળમાં મુસાફર પાસ યોજનાના લીધે આર્થિક રાહત થઈ છે. બીજીતરફ એસ ટી ડેપોને મુસાફર પાસ યોજના ઉપરાંત લગ્નવર્ધિઓ તેમજ સરકારી કાર્યક્રમોમાં બસ સેવા અને અન્ય સેવા માટે ઉપયોગમાં લેવાયેલી બસ સેવા બદલ પણ વિશેષ આર્થિક ફાયદો થયો છે. એક અંદાજ મુજબ પ્રતિદિન એસ ટી ડેપો કક્ષાએથી ૧૦૦ જેટલા પાસ ઈસ્યુ કરવામાં આવે છે. પ્રતિવર્ષ એસ ટી ડેપોથી

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com